APPENDIX : B

Personality Assessment Scale (PAS)
Gujarati Version

વ્યક્તિમત્વ માપસૂચિ

પ્રયોજક : ડો. એ. એસ. પટેલ
મનોવિજ્ઞાન વિભાગ, મ.સ. યુનિવર્સીટી, વડોદરા.

સામાન્ય રીતે વ્યક્તિઓના સ્વભાવમાં વિવિધતા હોય છે. કેટલાક લોકો સ્વભાવે આનંદી અથવા ઉત્સાહી તો કેટલાક ગંભીર, ધૂની કે ચિંતાતુર હોય છે ; કોઈ જક્કી અને આપખુદી હોય છે તો કોઈ સૌનુ સંભાળે છે. કેટલાક જુનવાણી તો કેટલાક સમય પ્રમાણે વર્તે તેવા હોય છે. કેટલાક મળતાવડા અથવા બોલકણા તો કેટલાક શરમાળ હોય છે. સ્વભાવની જુદી જુદી ખાસિયતો કે વલણો, ગમો કે અણગમો દર્શાવતા અનેક વિધાનો પાછળ આપેલાં છે. આ બધા વિધાનો વારાફરતી ધ્યાનપૂર્વક વાંચો.

પ્રત્યેક વિધાન સામે 'હા' કે 'ના' દર્શાવતા ખાના આપેલા છે. (દરેક) વિધાન પર પૂરતો વિચાર કરી તે તમને લાગુ પડે છે કે નહિ તે પ્રમાણિક પણે જણાવો. તમને લાગુ પડતુ હોય અથવા જે સાથે તમે સમંત થતા હો તે વાક્ય સામે 'હા' દર્શાવતા પહેલા કોસમાં આવુ ( ) નિશાન કરો જે વિધાન તમને લાગુ ન પડતુ હોય કે સાથે તમે અસમંત થતા હો તેની સામે 'ના' દર્શાવતા બીજા કોસમાં ચોકડી નુ (x) નિશાન કરો.

દા. ત.

	હા	ના
(૧) સ્વભાવે હું ગંભીર છું	( )	( )
(આનો અર્થ એ કે હું ગંભીર છું)		

	હા	ના
(૨) નજીવી બાબતોમાં ખોટું થઇ જતાં મને પસ્તાવો કે ખેદ થતો નથી	( )	(
(એટલે કે મને ખેદ થાય છે)		

વ્યક્તિને સમજીને મદદગાર થઈ શકાય એ હેતુથી જ આ માપસૂચિ તૈયાર કરવામાં આવી છે. તેમાં કોઈ બીજો હેતુ નથી. આ બુદ્ધિની પરીક્ષા નથી અથવા ખરું કે ખોટું માની જવાબમાં સારા દેખાવા તણાઈ જવાની જરુર નથી. આ તો ફક્ત

વ્યકિતને સમજવા માટેનું સંશોધન છે. આથી વિનંતી છે કે આપ ચોક્કસ રીતે વિ[illegible] ક્રોભે તમને લાગુ પડતા જવાબ દર્શાવશો. બધી વિગત સંપૂર્ણરીતે ખાનગી રહેશે તેની ખાત્રી આપવામાં આવે છે.

વિભાગ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
ગુણાંક													

વિભાગ ૧

		હા	ના
૧.	સ્વભાવે હું ગંભીર છું એમ કહી શકાય.	( )	( )
૨.	મારે મન ગંભીર રમત પણ જીતનાં સાધન કરતાં આનંદનું વધુ સાધન છે.	( )	( )
૩.	રમુજી ટૂચકા કહેવા તથા મજાક કરવી મારા મારા સ્વભાવમાં એ છું છે.	( )	( )
૪.	જીવનની હળવી પ્રવૃત્તિઓમાં હું વધુ સમય અને શકિત ગાળવામાં આનંદ માણું છું.	( )	( )
૫.	સામાજીક જવાબદારી અદા કરવામાં તથા વર્તનમાં દરેક વ્યકિત ગંભીર કે રિપૂર્ણ હોઇ ન શકે તેમ મારું માનવું છે.	( )	( )
૬.	સારા કે ખરાબ લગભગ બધાય પ્રસંગોએ ખુશ રહેવામાં હું માનું છું.	( )	( )
૭.	હું દરેક કામ નિષ્ઠા અને વફાદારીથી કરું છું જેથી નક્કી કરેલ ધ્યેય હાસલ કરી શકાય	( )	( )
૮.	જીવનની કઠિનતાઓ ઉકેલવા હું મારી સંપૂર્ણ શકિત અને સમય ગાળું છું; જીવનની હળવી બાજુઓ પ્રત્યે હું ઓછું ધ્યાન આપું છું.	( )	( )
૯.	બીજાની સરખામણીમાં હું બધી જ વસ્તુઓ ખૂબ ચીવટ કે ચોકસાઇથી કરું છું.	( )	( )
૧૦.	મુશ્કેલીભર્યા પ્રસંગોમાં પણ હળવાશ લાવવા હું ઘણી વખત રમુજી વાતો કર્યા કરું છું	( )	( )

		હા	ના
૧૧.	કામનું આયોજન બીજાની મદદ વિના હું પોતાની જાતે જ કરું છું.	( )	( )
૧૨.	લોકો માને છે કે મને મારી પોતાની રીતેજ કામ કરવાનું ગમે છે.	( )	( )
૧૩.	મારા મિત્રો કે સગાઓને મારી જરુર હોય તે કરતાં મને તેઓની વધારે જરુર હોય એવું મને લાગે છે.	( )	( )
૧૪.	મુશ્કેલીઓમાં મિત્રો કે સગાઓની સલાહ લેવાની તથા તેઓની આગળ મન હળવું કરવાની મને જરૂર પડે છે.	( )	( )
૧૫.	સામાની સલાહ કે મદદ લેવાની મને ટેવ નથી, આથી લોકો મને અભિમાની તથા અહંકારી માને છે.	( )	( )
૧૬.	અગત્યના નિર્ણયો લેવામાં મારે મારાં સગા કે સ્નેહીઓની જરુર પડે છે.	( )	( )
૧૭.	મને રુઢિઓ અથવા પ્રણાલિકાઓ મુજબ વર્તવું ગમે છે.	( )	( )
૧૮.	બીજાની મદદથી કામ કરવા કરતાં જાતે જ કરવામાં હું વધુ માનું છું.	( )	( )
૧૯.	ઘણાંબધાં કાર્યોમાં મારે વડીલોની મદદની જરુર પડે છે.	( )	( )
૨૦.	જરુર પડે મુશ્કેલીમાંથી પાર ઉતરવા જાતે જ ઉકેલ કે રસ્તો શોધી લેવાની મારી તૈયારી છે.	( )	( )
૨૧.			

વિભાગ ૩

૨૧.	કટાક્ષભરી ટીકા કરવામાં હું ઘણું ખરું કોઈને છોડું નહિ, જેની લાયકાત.	( )	( )
૨૨.	હું નમતું ભાગ્યેજ જોખું, મારો કક્કો ખરો કરાવીને જ રહું.	( )	( )
૨૨.	સ્થિતિ અસહ્ય બનતાં હું રડી પડું છું.	( )	( )
૨૪.	નિકટ વ્યક્તિઓ સાથે મતભેદ થાય ત્યારે હું તેમના વિચારો સ્વીકારું છું.	( )	( )

		હા	ના
૨૫.	પાયા વગરની વાતો મારાથી સહન થઇ શકતી જ નથી, હું ચલાવી ન લઉં.	( )	( )
૨૬.	કેટલીક વખત મારા હકકો હું જતા કરું છું.	( )	( )
૨૭.	અન્યાયી અને સ્વાર્થી લોકોની સાથે મારે ઝગડો થયા વગર રહે જ નહિ.	( )	( )
૨૮.	પ્રણાલિગત રીતે સમસ્યાઓ હલ કરવાને બદલે હું મારી પોતાની રીતેજ હલ કરું છું.	( )	( )
૨૯.	નિયમો કામમાં રુકાવટ કરે તો પણ ગુસ્સે થવાને બદલે હું સ્વીકારી લઉં છું.	( )	( )
૩૦.	અન્યાય સહન ન થતાં હું સામનો કરવાને બદલે ચૂપ રહું છું.	( )	( )

વિભાગ ૪

		હા	ના
૩૧.	સગાં-સ્નેહીઓનો માનસિક જુસ્સો ટકાવી રાખવા હું આગેવાની લઉં છું.	( )	( )
૩૨.	અગત્યના નિર્ણયો લેવા એ અઘરું કામ છે; તે માટે હું મારા સગાં કે સ્નેહીઓ પર આધાર રાખું છું.	( )	( )
૩૩.	સમસ્યાઓ હલ કરવા માટે જરૂરી માર્ગદર્શન માટે હું બીજા પર આધાર રાખું છું.	( )	( )
૩૪.	કુટુંબમાં લેવાયેલા નિર્ણયોની બરાબર અમલ થાય તેનું હું ધ્યાન રાખું છું.	( )	( )
૩૫.	માનસિક જુસ્સો ટકાવી રાખવાને મને મારાં સગાં કે સ્નેહીઓની જરૂર રહે છે.	( )	( )
૩૬.	આગેવાની કરતાં અનુયાયીનાં લક્ષણો મારામાં વધારે છે.	( )	( )
૩૭.	ચર્ચામાં કોઇ વ્યક્તિ સાથે ગરમાગરમી થઇ હોય ત્યારે સમાધાન ભર્યું વલણ બતાવવામાં હું આગળ પડતો ભાગ ભજવું છું.	( )	( )
૩૮.	કુટુંબમાં કે મિત્રોમાં ઝગડા ઉભા થતાં કે તૂટ પડતાં હું સમાધાન કરવા માટે લવાદનો ભાગ ભજવું છું.	( )	( )

		હા	ના
૩૯.	સાથીઓ સાથે કામ કરતાં નિષ્ફળતા મળે તો સામા ઉપર દોષ ઢોળવા કરતાં નિષ્ફળતામાં મારો ફાળો કેટલો છે તેના વિચાર હું કરું છું.	( )	( )
૪૦.	સાથીઓમાં જવાબદારી ફાળવી આપવામાં હું માનતો/માનતી નથી.	( )	( )

વિભાગ ૫

		હા	ના
૪૧.	બહુ મિત્રો કરવા કરતાં થોડા મિત્રો રાખવા એ મારા સ્વભાવમાં છે.	( )	( )
૪૨.	યુવક મંડળ, જ્ઞાતિ મંડળ, મહિલા મંડળ જેવી સામાજીક સંસ્થાઓમાં આગળ પડતો ભાગ લેવાનું મને ગમે છે.	( )	( )
૪૩.	કોઇની સાથે પહેલી મુલાકાતે વાત કરવામાં હું મુશ્કેલી અનુભવું છું.	( )	( )
૪૪.	ન ઓળખતો હોઉં છતાં સામા સાથે હું સહેલાઇથી ભળી જાઉં છું.	( )	( )
૪૫.	જૂથની પ્રવૃત્તિઓ ચલાવવામાં હું મોટે ભાગે આગેવાની લઉં છું.	( )	( )
૪૬.	સામાજીક પ્રસંગોની ઉજવણીમાં હું પાછળ રહેવાનું પસંદ કરું છું.	( )	( )
૪૭.	સમ્મેલનો કે ઉજાણીઓ વખતે આખા સમૂહમાં ભળવાને બદલે મને એકલા યા ફક્ત એક બેવ્યક્તિઓ સાથે જ ભળવાનું ગમે છે.	( )	( )
૪૮.	પ્રવાસ દરમ્યાન કે ગાડીમાં અજાણ્યા સાથે પણ હું ઘણી વખત વાતોએ ચઢી જાઉં છું.	( )	( )
૪૯.	બને ત્યાં સુધી હું જનસમૂહથી દૂર રહું છું.	( )	( )
૫૦.	જલદીથી શરમ કે સંકોચ અનુભવવો એ મારા સ્વભાવની લાક્ષણિકતા છે.	( )	( )
૫૧.	સ્વભાવે હું વાતોડીયો અને આગળ પડતો છું એમ કહી શકાય	( )	( )

		હા	ના
૫૨.	લોકોની સહવાસ મને ખૂબ જ ગમે છે.	( )	( )
૫૩.	અતડાપણું અથવા ઓછું બોલવું કે ભળવું એ મારા સ્વભાવમાં ગણાય.	( )	( )
૫૪.	રમુજી અને વાતોડીયા લોકોનો સાથ મને હંમેશ ગમે છે.	( )	( )
૫૫.	હું ઘરકુકડી/ ઘરકુકડી છું. એમાં ખોટું ય શું? મને લોકોના ઘર ગણવાની ટેવ નથી.	( )	( )
૫૬.	મુસાફરી દરમ્યાન સહપ્રવાસીઓ સાથે વાતો કરવા કરતાં જાતે વાંચવાનું અથવા રસ્તાનું કુદરતી સૌન્દર્ય માણવાનું હું વધુ પસંદ કરું છું.	( )	( )
૫૭.	હુ જલદીથી અને સહેલાઈથી મિત્રો બનાવી શકું છું.	( )	( )
૫૮.	બીજાઓ આગળ મારું મંતવ્ય વ્યકત કરવા કે ચર્ચાની શરુઆત કરવામાં મને ક્ષોભ થતો નથી.	( )	( )
૫૯.	ટીકા કે ઠપકો મળતાં મારી લાગણીઓ સખત દુભાય છે.	( )	( )
૬૦.	મનમાં ને મનમાં રાખવા કરતાં કે રાચવા કરતાં બીજાને કહેવામાં કે વાતોની આપ લે કરવામાં મને વધુ આનંદ આવે છે.	( )	( )

૬૧૪-

વિભાગ ૬

		હા	ના
૬૧.	આધુનિક શિક્ષણ પદ્ધતિ કરતાં "સોટી વાગે ચમ ચમ અને વિદ્યા આવે ધમ ધમ" સૂત્રને આધારિત શિક્ષણ વધુ સારું છે એમ મારું માનવું છે.	( )	( )
૬૨.	બાળ લગ્ન, ઘુમટો કાઢવાની પ્રથા અને પરાણે વૈધવ્યની પ્રથા - આ બધાં ગંભીર સામાજીક દૂષણો છે એમ હું માનું છું	( )	( )
૬૩.	દેશની સમૃદ્ધિ વધારનાર જૂના વખતના રાજાઓના દૈવી હક્કમાં હું માનું છું; હાલની લોકશાહી એક ફારસરૂપ જ બની છે.	( )	( )
૬૪.	દહેજ પ્રજા કોઈપણ હિસાબે બંધ થવી જોઈએ.	( )	( )

		હા	ના
૬૫.	પોતાના છોકરીઓના લગ્ન માટે સાથીની પસંદગી કરવાનો હક માબાપને જ છે.	( )	( )
૬૬.	મરણોત્તર બારમા વગેરે જમણ પ્રસંગો નાબૂદ કરવા જોઈએ.	( )	( )
૬૭.	સ્ત્રીઓ સામાજિક અને આર્થિક રીતે સ્વતંત્ર થવી જોઈએ.	( )	( )
૬૮.	છોકરીઓને ઉચ્ચ કેળવણીની જરુર નથી; રસોડુ ચલાવવા સારી ગૃહિણીઓ થાય તેટલુ જ પૂરતું છે.	( )	( )
૬૯.	ઓરુ, અછબડા, બળિયા વગેરે ભગવાનનો કોપ સૂચવે છે; આવે સમયે બળિયા બાપજીની બાધા રાખવી હિતાવહ છે.	( )	( )
૭૦.	હું માનું છું કે છૂટાછેડા માટેના કાયદા કે નિયમનો હળવા બનાવવા જોઈએ અને પરસ્પર સમ્મતિ પર આધારિત થવા જોઈએ.	( )	( )
૭૧.	ભણેલગણેલ યુવાન-યુવતીઓમાં પ્રેમ લગ્ન વધુ અને વધુ થવા લાગ્યા છે. માબાપોએ આ પ્રથાને અપનાવી જોઈએ.	( )	( )
૭૨.	હું માનુ છું કે દરેક માબાપને એક પુત્ર તો હોવોજ જોઈએ કારણ કે પુત્ર જ મૃત પિતા તથા પૂર્વજોને નરકમા જતા બચાવી શકે એમ કહેવાય છે.	( )	( )
૭૩.	હું માનુ છું કે દરેક છોકરા છોકરીને જાતિય જ્ઞાન આપવુ જોઈએ; આથી જાતિય જીવન સ્વસ્થ અને શાણુ બને છે.	( )	( )
૭૪.	સામાજીક કેન્દ્રો, મંદિરો તથા હોટેલોમા પ્રવેશ માટે હરિજનોને અન્યની જેમ સંપૂર્ણ છૂટ હોવી જોઈએ.	( )	( )
૭૫.	સ્ત્રીએ પુર્નલગ્ન કરવુ એ મોટું પાપ છે.	( )	( )
૭૬.	રજસ્વલી સ્ત્રીઓએ માસિક ધર્મ પાળવો જોઈએ એવુ મારું માનવુ છે.	( )	( )
૭૭.	સહશિક્ષણનો હું પ્રચારક છું; છોકરા છોકરીઓ માટે જુદી શાળા કોલેજો એકબીજાને ભવિષ્યમાં અનુકુળ થવાની તકો ઝૂટવી લે છે.	( )	( )
૭૮.	ધાર્મિક દિવસો, જેવા કે એકાદશી, જન્માષ્ઠમી, પૂર્ણિમા વગેરે દિવસોએ ઉપવાસ કરવામા હું માનુ છું.	( )	( )
૭૯.	હું માનુ છું કે જુવાન છોકરા છોકરીઓને પરસ્પર છૂટથી હળવા મળવા દેવાન જોઈએ; છૂટથી અનીતિ અને વ્યભિચાર વધે છે.	( )	( )

		હા	ના
૮૦.	સમયના વહેણ સાથે યુવાન છોકરા છોકરીઓ ટૂંકા, ચુસ્ત પારદર્શક કે કામો-ત્તેજક કપડાની આધુનિક ફેશનો અપનાવે એ સામે કોઇએ વાંધો લેવો જોઇએ નહિ એમ હું માનું છું.	( )	( )
૮૧.			

વિભાગ ૭

		હા	ના
૮૧.	નિર્ણયો લેતા મને ઘણી વાર લાગે છે.	( )	( )
૮૨.	સાવ નજીવી બાબતો માટે કેટલી વખત હું મારી જાતને દોષિત ગણી સખત ખેદ કે પસ્ચ્યાતાપ અનુભવુ છું.	( )	( )
૮૩.	એક યા બીજા કારણસર હું ઘણી વખત ચિન્તિત રહું છું.	( )	( )
૮૪.	કેટલીક વખત મને અવુ લાગે છે કે જાણે હું સાવ નકામો/નકામી છું.	( )	( )
૮૫.	નકામા વિચારોનું મારા મનમાં પુનરાવર્તન થતુ રહે છે.	( )	( )
૮૬.	મન પરના બોજાને કારણે તેમજ ચિંતાઓને લીધે હું ઘણી વખત ભૂલો કરી બેસુ છું.	( )	( )
૮૭.	અન્યની સરખામણીમાં મારામાં કંઇક ક્ષતિઓ હોય એમ મને કેટલીક વાર લાગે છે.	( )	( )
૮૮.	કોઇક કોઇક વાર મને એવું લાગે છે કે મારુ મગજ ધાર્યા કરતા વધારે ધીમી ગતિએ કામ કરે છે.	( )	( )
૮૯.	હું વધારે પ્રમાણમાં વિચારશીલ રહું છું.	( )	( )
૯૦.	હું ઘણી વખત શોક અને હતાશાના વમળોમાં ભણાઉ છું.	( )	( )
૯૧.	પૂરતા કારણ વિના પણ હું ફિકર કર્યા કરું છું.	( )	( )
૯૨.	હું ખૂબજ જલદીથી થાકી જાઉ છું.	( )	( )
૯૩.	લગભગ દરરોજ કંઇક ને કંઇક એવુ બને છે કે જે મને ડરાવે છે કે ચિંતા કરાવે છે.	( )	( )
૯૪.	મને લાગે છે કે હું ઘણા ખરા કામમાં નિષ્ફળ નિવડુ છું.	( )	( )

		હા	ના
૯૫.	કેટલીક વાર મારા સ્નેહીઓને દુભાવવામાં હું રાચુ છું.	( )	( )
૯૬.	પૂરતા કારણ વગર હું કેટલીક વખત ગુસ્સો કે સુસ્તતા, ઉત્તેજના કે હતોત્સાહની લાગણીઓ અનુભવુ છું.	( )	( )
૯૭.	મને લાગે છે કે મને કોઇ સમજી શકતું નથી.	( )	( )
૯૮.	સામાજીક વ્યવહારમાં હું કેટલીક વખત વિનાકારણ લઘુગ્રંથી પીડાઉ છું. (નાનમ અનુભવુ છું.)	( )	( )
૯૯.	હું વારંવાર અનિદ્રા અનુભવુ છું (મને ઘણીવખત ઊંઘ આવતી નથી.)	( )	( )
૧૦૦.	બીજાની સાથે હોવા છતાં પણ હું ઝાઝો વખત એકલાપણું અનુભવુ છું.	( )	( )
૧૦૧.	હું વારંવાર ઉત્તેજીત થઇ જાઉં છું(ઘેલમાં આવી જાઉં છું)	( )	( )
૧૦૨.	કેટલીક વખત હું રાત્રે ઉંઘમાથી ઝબકી ઊઠું છું અને કારણ સમઝ્યા વિના ચિંતા કર્યા કરું છું.	( )	( )
૧૦૩.	હું ઘણી વખત શુન્યમનસ્ક બની જાઉં છું (કામ કેસવસ્તુઓ ભૂલી જાઉં છું.)	( )	( )
૧૦૪.	એકાગ્ર ચિત્તે કામ કરવામાં હું મુશ્કેલી અનુભવુ છું.	( )	( )
૧૦૫.	મને હમેશા એવુ લાગે છે કે મારા મિત્રો કે સગાઓ મારી પૂઠ મારી કુથલી/નિંદા કરે છે.	( )	( )

વિભાગ ૮

		હા	ના
૧૦૬.	હું હમેશાં હિંમતથી આગળ વધુ છું; મને મારી જાતમાં પૂરો વિશ્વાસ છે.	( )	( )
૧૦૭.	મારે કબુલ કરવું પડશે કે હું ઘણી વખત કાં તો ચીડાઇ જાઉં છું કે પછી પુષ્કળ હતાશ થઇ જાઉં છું.	( )	( )
૧૦૮.	કોઇપણ બાબતનો હું તરત નિર્ણય લઇ શકું છું એમ વિશ્વાસપૂર્વક હું કહી શકું છું.	( )	( )
૧૦૯.	દરેક સંપૂર્ણ હોઇ ન શકે; મારામાં પણ કંઇક ઊણપ છે એમ મને લાગે છે.	( )	( )

~~૧૧૦.--નાસીપાસ થવાની બીકે કોઇ-કામ શરુ કરતાં-મને-કહી~~

	હા	
૧૧૦. નાસીપાસ થવાની બીકે કોઇ કામ શરુ કરતાં મને કદી ગભરામણ થતી નથી; કોઇપણ મુશ્કેલ કે જવાબદારી ભર્યું કામ હું ઉપાડી શકું છું.	( )	( )
૧૧૧. મારા હાથે કોઇનું ખોટું થાય છે એમ મને લાગે ત્યારે મારું હૃદય ડંખ્યા કરે છે.	( )	( )
૧૧૨. ઘણા બધા મારો દોષ કાઢે ત્યારે મારા વિચાર અને વર્તન પ્રત્યે હું શંકાશીલ બની જાઉં છું.	( )	( )
૧૧૩. આવેલી સારી તક કોઇ છોડતું નથી. વખતે કોઇનું પચાવી પાડીએ તેમાં ખોટું શું ? જેવો વખત તેવું વર્તન જેવો લાગ તેવો લાભ.	( )	( )
૧૧૪. લોકો ભલે ગમે તે કહેતા હોય, પણ દરેક કાર્યમાં મારી પૂરેપૂરી શુદ્ધ દાનત હોય છે. એવો મને વિશ્વાસ છે.	( )	( )
૧૧૫. કંઇ અઘટિત થઇ ગયા પછી હવે શું થશે કે શું નહિ એવી ગભરામણ મને કદી રહેતી નથી કે તેનું પ્રાયશ્ચિત કરવાની પણ મને ટેવ નથી. જે કર્યું તે ખરું એમ માની હું આગળ વધું છું.	( )	( )
૧૧૬. મારું જીવન નકામું, નિરુપયોગી અને કોઇને ભાર રુપ થઇ ગયું છે એવી મને બીક રહ્યા કરે છે. શા માટે આવું જીવન તાણે જવું ?	( )	( )
૧૧૭. હું પાપી છું અને પાપનો બદલો ભોગવું છું એવો મને ડર રહ્યા કરે છે.	( )	( )
૧૧૮. કામનું ભરણ, કનડગત અને સતત નિષ્ફળતાઓ આ બધાથી કંટાળીને હૃદય ભાગી ગયું છે. હવે તો બીજે કાંઇ દૂર દૂર ભાગી જાઉં તો સારું.	( )	( )
૧૧૯. હિતશત્રુઓ અને હરિફો તરફથી મારી સામે પાયા વિનાના આરોપ અને હલકી ટીકાઓથી હું આરે આવી ગયો છું ; આત્મ હત્યા એજ રસ્તો બાકી છે.	( )	( )
૧૨૦. જીવનની કઠિનતાઓનો સામનો કરવા કરતાં સંન્યાસ લઇ લેવો હું વધુ પસંદ કરું છું.	( )	( )
૧૨૧. લોકોમાં હજુ બીજા માટે સદ્ભાવના કે પરમાર્થવૃત્તિ રહી છે એમ મને તો દેખાય છે.	( )	( )

	હા	ના
૧૨૨. આજે દુનિયામાં મોટા ભાગના લોકો એવા છે કે જે પોતાની છાપ પાડવા રજનું ગજ કરીને વાત કરે છે તથા પોતાની જ બડાશ હાંકે છે, અને છતાં આવા લોકોનું સંભળાય છે. હવે આપણે શું કરી શકીએ ?	( )	( )
૧૨૩. કોનો વિશ્વાસ રાખીએ ? કોની આગળ વાત કરીએ ? ભણેલા અને અભણ સૌ સરખા. સ્વાર્થ આગળ સિદ્ધાંત કે નીતિ જેવી વસ્તુ કોઇનામાંય રહી નથી. બધેય કાગડા કાળા.	( )	( )
૧૨૪. મને એવા લોકોનો પણ અનુભવ છે કે જે સામાન્ય બાબતમાં પણ પોતાને પાઇનો લાભ થતો હોય તો સામાને રુપીઆનું નુકશાન કરતાં પણ ખચકાતા નથી.	( )	( )
૧૨૫. પોતાનું કામ કઢાવવા કે આગળ આવવા ખુશામત કરે બીજાની નિન્દા કરવી, વાતવાતમાં જુઠ્ઠું બોલવું, પાયા વિનાની અફવાઓ ફેલાવવી, આ બધું આજે તો નિયમ થઇ ગયો છે. બીજા આ બધું સાંભળતા હોય, પોષતા હોય તો પછી બોલનારનો દોષ શો ?	( )	( )
૧૨૬. મારા વ્યવહારમાં મને કેટલીક વાર એવા લોકો મલે છે છે કે જેના પર ઘણી વખત મને એટલી બધી નારાજી અને ગુસ્સો થઇ આવે છે કે જાણે તેમને જેલ ભેગા કરી દઉં.	( )	( )
૧૨૭. બીજાને હેરાન કરવામાં, બીજા પર બદલો વાળવામાં મને ઓર મઝા આવે છે.	( )	( )
૧૨૮. પોતાનો સ્વાર્થ સાધવા અને બીજાને ઉતારી પાડવા ઘણી વખત લોકો એટલે હદ સુધી મેલી રમત રમે છે કે ન પૂછો વાત. આવા મેલા મનના લોકોને તો તરત જ ગોળીએ ચઢાવવા જોઇએ.	( )	( )
૧૨૯. કોઇ જગ્યાએ મારાથી અન્યાય જોઇ શકાતો નથી, એટલે હું તરત વચ્ચે પડીને કંઇને કંઇ ઝગડા કરી બેસું છું. આથી ઉપલા અધિકારી કે વડીલ પાસે મારા વિરુદ્ધ ઘણી વખત ફરિયાદો થાય છે.	( )	( )
૧૩૦. હવે તો જ્યાં જુઓ ત્યાં સ્વાર્થ, વેરઝેર, છેતરપીંડી, લાંચરુશ્વત, કાળાં બજાર, જૂઠાગીરી, ત્રાસ, અરે ખૂનની ધમકી સુદ્ધાં આવા તકસાધુ તોફાનીઓને તો ઉઘાડા પાડી ફાંસીને માંચડે ચઢાવવા જોઇએ.	( )	( )

	હા	ના
૧૩૧. મને કોઇ કોઇ વખત એવી સખત ઇચ્છા થઇ આવે છે કે બધું ભાંગી તોડી નાખું	( )	( )
૧૩૨. લોકો છાનામાના મારા વિરુદ્ધ વાતો કરે છે, મને તિરસ્કારે છે, મારી પાછળ પડ્યા છે એમ મને ભણકારા સંભળાય છે.	( )	( )
૧૩૩. જો બીજાઓ મારા આડે આવતા ન હોત કે મારી ઉપર વેરઝેર રાખતા ન હોત તો જરુર હું બધુ સફળ થઇ સકત	( )	( )
૧૩૪. લોકો મારું પડાવી લેવા કંઇને કંઇ કાવતરાં કરતા હોય એમ મને ભાસ થાય છે.	( )	( )
૧૩૫. ખરેખર, મારી પાસે જ્ઞાન, શક્તિ, સંપતિ એટલાં ભરેલાં છે કે લોકો ગભરાઇને મારી અદેખાઇ કરે છે અને મને હીન દેખાડવા પ્રયત્ન કરે છે.	( )	( )

વિભાગ ૯

	હા	ના
૧૩૬. મોટે ભાગે હું ખુશખુશાલ હોઉં છું.	( )	( )
૧૩૭. લોહી વહી જતું જોતાં હું ગભરામણ કે મુઝવણ અનુભવું છું.	( )	( )
૧૩૮. મારી તંદુરસ્તી સારી છે એમ કહી શકાય.	( )	( )
૧૩૯. મને ખાવાની રુચિ સારી રહે છે.	( )	( )
૧૪૦. મારા સગાં-સ્નેહીઓમાં મારો સારો એવો પ્રભાવ કે વર્ચસ્વ છે.	( )	( )
૧૪૧. મોટે ભાગે હું પ્રવૃત્તિમય કે સક્રિય હોઉં છું.	( )	( )
૧૪૨. મુશ્કેલીઓ કે ઝંઝાવાતોને પહોંચી વળવા મારામાં પૂરતી શક્તિ છે.	( )	( )
૧૪૩. માથે લીધેલાં કામમાં મુશ્કેલી આવતાં એક યા બીજા બહાના નીચે જવાબદારીમાંથી છટકવાનું મને કોઇક વાર મને થઇ જાય છે.	( )	( )
૧૪૪. માનસિક બોજો વધી જતાં મને કોઇક કોઇક વાર આપઘાત કરવાનું મન થઇ આવે છે.	( )	( )
૧૪૫. મને બિમારી લાગુ પડશે એવી બીક કે ચિંતા રહ્યા કરે છે.	( )	( )

વિભાગ ૧૦

		હા	ના
૧૪૬.	મુશ્કેલીમાંથી છટકવા કોઇપણ વ્યક્તિ જૂઠું બોલે તો તેમાં ખોટું શું ?	( )	( )
૧૪૭.	કોઇની ઓળખાણ કે લાગવગનો ઉપયોગ મેં કદી કર્યો નથી.	( )	( )
૧૪૮.	નિયમ બિયમ તો ઠીક પણ "જેવો વખત તેવું વર્તન" આ સૂત્ર પ્રમાણે હું જરુર પડે કામ કરી લઉં છું.	( )	( )
૧૪૯.	મને કદી ખોટા વિચારો આવતા નથી.	( )	( )
૧૫૦.	બસમાં કન્ડક્ટર ટીકીટ આપવાનું ભૂલી જાય તો હું ટીકીટ લેવાનું કોઇવાર માંડી વાળું છું.	( )	( )
૧૫૧.	કોઇની ખાનગી વાતો સાંભળવાનું મને કદી મન થતું નથી.	( )	( )
૧૫૨.	બીજાની આગળ મારું ઉંચુ બતાવવા કોઇ કોઇ વાર મેં ગપગોળા ફેંક્યા છે.	( )	( )
૧૫૩.	મેં કોઇને કદી છેતર્યાં નથી.	( )	( )
૧૫૪.	તક મળે ત્યારે કોઇ બેન કે ભાઇની છાનામાના મશ્કરી કે અડપલાં કરી લેવાનું મને મન થાય ખરું.	( )	( )
૧૫૫.	મેં કદી પણ કાયદાનો ભંગ કર્યો નથી.	( )	( )

વિભાગ ૧૧

		હા	ના
૧૫૬.	મને સીવણ તથા ભરતકામનો શોખ છે.	( )	( )
૧૫૭.	સામનો કરવાને બદલે મારાથી રડી પડાય છે.	( )	( )
૧૫૮.	મર્દાની રમતો કરતાં મને હળવી રમતો ગમે છે.	( )	( )
૧૫૯.	મને મેદાની રમતો રમવી વધુ ગમે છે.	( )	( )
૧૬૦.	પર્વતારોહણ કે શિકાર કરવા જવાનું મને મન થઇ જાય છે.	( )	( )
૧૬૧.	કુટુંબમાં કે પાડોશમાં બીમારી આવતાં હું આકુળ વ્યાકુળ થઇ જાઉં છું.	( )	( )
૧૬૨.	મને ઘોડેસ્વારી કે મોટર ચલાવવી ખૂબ જ ગમે છે.	( )	( )

		હા	ના
૧૬૩.	જોર અને જોખમવાળા કામ મનેગમે છે.	( )	( )
૧૬૪.	પડકારથી ભરપૂર અને રોમાંચક જીવન મને વધારે પસંદ છે.	( )	( )
૧૬૫.	મને વેપાર કે કોન્ટ્રાક્ટરનું કામ ગમે છે.	( )	( )
૧૬૬.	શારીરિક શક્તિ જેમાં ઓછી વપરાય તેવી રમતો મને ગમે છે	( )	( )
૧૬૭.	બહાર જવા માટે તૈયાર થવામાં મને થોડો વધારે વખત લાગે છે.	( )	( )
૧૬૮.	નજીવી બાબતો પણ મારી લાગણીઓને અસર કરે છે.	( )	( )
૧૬૯.	સામાનું રક્ષણ કરવા લડવાનું કે સૈનિકનું કામ મને ગમે છે.	( )	( )
૧૭૦.	મને મીકેનીકલ કે ઇજનેરી કુશળતાવાળુ કામ વધારે ગમે છે.	( )	( )
૧૭૧.	હું ભાંગી પડીશ એવુ મને ઘણી વખત લાગે છે.	( )	( )
૧૭૨.	મને સંગીત તથા નૃત્યનો શોખ છે.	( )	( )
૧૭૩.	દોડકૂદની કસરતો, વ્યાયામની લડાયક પ્રવૃત્તિઓ કે પ્રયોગો મને ખૂબ ગમે છે.	( )	( )
૧૭૪.	મને સાહસિક જીવન કરતાં સરળ અને શાંતિમય જીવન ગમે છે.	( )	( )
૧૭૫.	હા જી હા કરવું, સહન કરવું, કે સ્વીકારી લેવું આ કરવા કરતાં મારું ધાર્યું કરાવવા કે ઉપરવટ થવા દલીલો કરવી મારા સ્વભાવમાં વધુ છે.	( )	( )

વિભાગ ૧૨

		હા	ના
૧૭૬.	સામી જાતિની વ્યક્તિઓને શીખવવા, દોરવણી આપવા કે મદદની જરૂર પડે ત્યારે હું ખુબ ઉત્સાહિત તથા સક્રીય થઇ જાઉં છું.	( )	( )
૧૭૭.	જાતિય વિષયો પર વાત કરવાનું મને ગમે છે.	( )	( )
૧૭૮.	જાતિય બાબતોને લગતા ચલચિત્રો, પ્રદર્શનો વગેરે જોવા મને ગમે છે.	( )	( )
૧૭૯.	મને લાગે છે કે મને સામી જાતિની વ્યક્તિઓ પ્રત્યે વધારે કૂણી લાગણી હોય છે.	( )	( )

	હા	ના
૧૮૦. શક્ય હોય ત્યાં સુધી હું સામી જાતિની વ્યક્તિઓનો સહવાસ ટાળુ છું.	( )	( )
૧૮૧. જાતિય બાબતોમાં મારા રસ અનેવર્તન એવાં છે કે હું વધુ રસિક કહી શકાઉં.	( )	( )
૧૮૨. સામી જાતિની વ્યક્તિઓ સાથે હું વધુ સંકળાયેલ છું.	( )	( )
૧૮૩. જરૂરી હોવા છતાંય સામી જાતિની વ્યક્તિઓને મળતા હું શરમ કે સંકોચ અનુભવુ છું.	( )	( )
૧૮૪. જાતિય બાબતોને લગતા સમાચારો વાંચવા કે જાણવા હું વધુ ઉત્સુક હોઉં છું.	( )	( )
૧૮૫. સામી જાતિની વ્યક્તિ મારી સાથે સામાન્ય વાતચીત કરે અથવા મને સહેજ પ્રોત્સાહન આપે તો મારામાં વિકારની ભાવના ઉત્પન્ન થાય.	( )	( )

વિભાગ ૧૩

	હા	ના
૧૮૬. મને ચોકકસ માહિતી ન મળે ત્યાં સુધી કોઇના વિશે હું કદી અભિપ્રાય આપતો નથી.	( )	( )
૧૮૭. ગમે તે પરિણામ સાથે પણ બધા કાયદાઓનું સખત પાલન થવુ ઘટે.	( )	( )
૧૮૮. મારો દરરોજનો કાર્યક્રમમાં કંઇ અણધારી ડખલ કે ફેરફારો થાય ત્યારે મારા મન પર લાંબા વખત સુધી પુષ્કળ બોજો રહે છે.	( )	( )
૧૮૯. કોઇ બાબત માટે અચોક્કસ કે અનિર્ણીત લોકો દેખુ ત્યારે મને કંઇક ને કંઇક થઇ જાય છે.	( )	( )
૧૯૦. કોઇ જ્યારે હું કંટાળુ ત્યારે કંઇક ને કંઇક નવુજ તુત ઉભુ કરવાનું મને ગમે છે.	( )	( )
૧૯૧. સામાન્ય રીતે શીખવામાં હું ધીમો ધીમો છું. પૂરો વિચાર કરી ને ધીમે ધીમે શીખવુ કે બોલુ છું.	( )	( )
૧૯૨. ખરુ શું અને ખોટુ શું એ બાબતમાં હું સામાન્ય લોકો કરતાં વધુ કડક અને ચોકકસ છું એમ મને લાગે છે.	( )	( )

		હા	ના
૧૯૩.	દરેક મારુ કામનુ બરાબર કાળજીપૂર્વક પહેલેથીજ આયોજન થાય અને તેની ચોખ્ખી વ્યવસ્થા થાય તેમ કરવાનુ મને હમેશા ગમે છે	( )	( )
૧૯૪.	ગુન્હોઓ અંગેનો મને લેખ વાચવા ગમે છે.	( )	( )
૧૯૫.	હું ચીડીયો અને અધીરો છું એ માટે મને દિલગીરી થાય છે.	( )	( )
૧૯૬.	મારા મિત્રોની પસંદગી બાબતમાં મારા મા-બાપ (અન્ય વડીલો) ઘણી વખત અસંમત થાય છે.	( )	( )
૧૯૭	ઘણીજ અઘરી બાબતીમાં પણ જો માણસ મજબૂત હોયતો તે પોતાનો નિશ્ચય કરી શકે છે.	( )	( )
૧૯૮.	હું કદી કાયદાની બાબતમાં મુશ્કેલીમાં આવ્યો /આવી નથી.	( )	( )
૧૯૯.	પોતાના મતાધિકારનો ઉપયોગ ના કરે તે સારો નાગરિક કહેવાય નહીં.	( )	( )
૨૦૦.	ચોક્કસ અને સરળ ઉકેલની શક્યતાના હોય તેવા પ્રશ્નો અંગે કામ કરવાનુ મને ગમતુ નથી.	( )	( )
૨૦૧.	વસ્તુની ભાવ ઉંચા હોય ત્યારે સીધી રીતે કમાવાય તેટલુ કમાય તે માણસનો દોષ નથી.	( )	( )
૨૦૨.	સઘળી માહિતી મેળવ્યા પછી દરેક પ્રશ્ન માટે મોટે ભાગે એકજ જવાબ હોયી શકે.	( )	( )
૨૦૩.	મોટાભાગના લોકો ગભીરતા પૂર્વક વસ્તુનો વિચાર કરતા નથી તે દુઃખની વાત છે.	( )	( )
૨૦૪.	અજાણ્યા માણસો સાથે સરળતાથી વિના ક્ષોભે કામ કરવુ મારા માટે મુશ્કેલ છે.	( )	( )
૨૦૫.	કદી પૂરી ના કરાય તેવી બાબત હું ઘણી વખત શરુ કરુ છુ	( )	( )
૨૦૬.	મારા માટે દરેક બાબતમાં હું ઘણુ ઉંચુ ધોરણ નક્કી કરું છું અને બીજા પાસે પણ તેમજ કરે તેમ ઇચ્છુ છુ.	( )	( )
૨૦૭.	સિદ્ધાંત ખાતર ઘણી બાબતોમાં હું લડુ છું કે દલીલો કરું છું.	( )	( )
૨૦૮.	દરેક નાગરિકે પોતાના અંગત આનંદના ભોગે પણ રાષ્ટ્રીય હીત કે બાબતો માટે સમય આપવો જોઇએ તેમ હું માનુ છું.	( )	( )
૨૦૯.	થોડા અંશે પણ ઈન્કમટેક્ષાથી બચવા ફોર્મમાં થોડુ પણ આઘુપાછુ કરીએ તો તે સરકાર પાસેથી પૈસા ચોરવા જેટલુ ખોટું છે.	( )	( )

		હા	ના
૨૧૦.	ચોક્સ-અ- કાયદો ખરેખર તોડ્યા સીવાય કાયદાની બારીમાંથી છટકે તેમાં કંઈ વાંધો નહીં.	( )	( )
૨૧૧.	એક વખત નક્કી કર્યા પછી ભાગ્યેજ હું નિર્ણય બદલુ છું.	( )	( )
૨૧૨.	ઓછો પગાર મળે છે એવી લોકો ઘણી વખત ફરીયાદ કરતા હોય છે પણ હું તો માનુ છું કે જેટલા માટે તે લાયક છે તેટલુ તેમને મળે છે.	( )	( )
૨૧૩.	શક્ય રીતે લગભગ કદાચ, બને તો વગેરે શબ્દોના વાપરીએ તો હું માનું છું કે આપણ ઘણુ સારું વિચારી શકીએ.	( )	( )
૨૧૪.	દરેક બાબતને સ્થાન હોય અને તે બાબત તેના યોગ્ય સ્થાને હોય તે મને જોવુ ગમે છે.	( )	( )
૨૧૫.	મોટા ભાગના લોકો અનૈતિક જાતીય વ્યવાહારથી દોષિત હોય છે.	( )	( )
૨૧૬.	કેટલીક લઘુમતીના લોકો અત્ર કદાચ હેરાન થતા હોય તો પણ એમાં મારે શુ ?	( )	( )
૨૧૭.	મને લાગે છે કે મારા માટે કામના ચોક્કસ કલાક અને નિયમ કાર્યક્રમવાળી સુક્રમિત જીવનચર્ય વધુ અનુકૂળ રહે છે.	( )	( )
૨૧૮.	કોઈ સમિતિ ઉપર કામ કરુ ત્યારે સંચાલન કરવાનું મારા હસ્તક લેવુ મને ગમે છે.	( )	( )
૨૧૯.	દરેક કામમાં શાશક અને અચોક્કસ માણ તરફ સહાનુભૂતિ રાખવી.	( )	( )
૨૨૦.	કંટાળો આવે કે દખલ થાય છતાં લીધેલુ કામ પુરુ થાય ત્યાં સુધી કામ કરવાનું મને ગમે છે.	( )	( )

વિભાગ ૧૪

		હા	ના
૨૨૧.	નાટક કે સીનેમાના કરુણ દ્રશ્ય જોઇને મને પણ રડવુ આવી જાય છે.	( )	( )
૨૨૨.	કોઈની મોટીમોટી વાતોથી હું કદી તણાઇ જતો/જતી નથી કે લલેરાઇ જતો/જતી નથી કે સામા બણગાં કે ગપ્પા મારે તો તરત સમજી જાઉં છું.	( )	( )

		હા	ના
૨૨૩.	દુઃખ ઘા કે લોહી નીકળેલું જોઇ હું ગભરાઇ જાવ છું કે લાગણી વશ થઇ જાઉંછુ.	( )	( )
૨૨૪.	ભુત-પલીતની વાતોમાં મને બહુ નહિ પણ થોડુ તો સાચુ લાગે છે.	( )	( )
૨૨૫.	પુસ્તક વાંચતી વખતે નાયક કે નાયીકાના પાત્રના અનુભવ જાણે કે મારા જીવનના પ્રસંગો હોય એમ મને ઘણી વખત લાગી આવે છે.	( )	( )
૨૨૬.	કોઇ મને પોતાની આપવીતી કહે કે બહાદુરીના પ્રસંગો વર્ણવે ત્યારે હું સ્થિર મને સાંભળુ છું. પણ બધું સાચુ માનતા પહેલા સામા પ્રશ્નો પુછી ચોકસાઇ કરી લેવા પ્રયત્ન કરૂં છુ.	( )	( )
૨૨૭.	સાધુ સંન્યાશી કે ભીખરી કે માંગણીયા મદદ માટે હાથ લંબાવે ત્યારે મને તેમની વાતો કે મુશ્કેલી સાંભળી હંમેશા સહાયભુતી થાય છે અને સામાન્ય રીતે શ્રદ્ધાપૂર્વક યતકિંચીત આપુ છું.	( )	( )
૨૨૮.	મુસાફરી વખતે ગાડીમાં કે પછી બજારમાં પોતાના માલના વેંચાણ માટે ફેરીયાઓની જુદી જુદી યુક્તિ પ્રયુક્તિઓ કે પ્રલોભનો હું તરત સમજી જાઉં છું.	( )	( )
૨૨૯.	કોઇ મને ભોળા ભાવે કહેવા આવે ત્યારે હું તો સાચુ માનું તે જૂઠો હોયતો તે ભોગવે આપણે તો સહુનો વિશ્વાસ રાખવો	( )	( )
૨૩૦.	મારા મિત્રો ઘણી વખત પોતાના પક્ષમાં લેવા કે તેમનું કામ કઢાવી લેવા કે તેમની વાતોમાં હા જી હા કરવા અનેક સમજાવટો કરે છે પણ હું એટલીજ પકાઇ વાપરૂં છું એવા સહેલાયથી ફસાઇ જાઉ તેમ નથી.	( )	( )
૨૩૧.	જ્યોતિષીઓ કે હાથ જોનારાઓ ભવિષ્ય ભાખે છે તેમાં મને આસ્થા રહેતી નથી.	( )	( )
૨૩૨.	હવેતો વિજ્ઞાનના જમાનામાં મોટે ભાગે ઘણા ખરા દર્દ દાક્તરી ઉપ્રયોગથી મટે છે છતાં કોઇ હઠીલા દર્દ ભુવા જાગરિયાના ક્રિમીયાથી કે જંતરમંતરથી પણ મટે છે એમ હું જાણું છું.	( )	( )
૨૩૩.	સમાચાર પત્રમાં છપાતા કોઇ કોઇ [redacted] આકર્ષણ બનાવો કે કેટલીક વિચીત્ર વાતો કે મહત્વના ચમત્કારો ઘણી વખત મીઠુ મરચુ ભેળવી ને ઉપજાવેલા તરંગોજ હોય છે એક મને લાગે છે	( )	( )

		હા	ના
૨૩૪.	મોટા માણસો જે કાંઇ કરે તે બધું ખરું છે એમ હું માની શકું નહીં.	( )	( )
૨૩૫.	નવીનવી રીતે કે ફેશની કે રસ્તો જોઇ મને પણ તેમ કરવાનું મન થાય છે બધા કરે તેમ કરવું, આપણો જુદો ચોકો નહીં.	( )	( )
૨૩૬.	મને કોઇ મૂર્ખ બનાવે કે છેતરવા પ્રયત્ન કરે ત્યારે હું તરતજ સમજી જાઉં છું.	( )	( )
૨૩૭.	સાંભળું છું બધાનું પણ કોઇથી ભરમાઇ નાજઉં ~~હું અને~~ બધા કહે માટે આપણે કરવું એવા ગાડરીયા પ્રવાહમાં હું ન માનું.	( )	( )
૨૩૮.	કોઇ વક્તાના વટદાર ભાષણથી મુગ્ધ થઇ જાઉં છું અને તેમના વિચારો કે કાર્યમાં તરત જોડાઇ જવાનું મન થઇ જાય છે.	( )	( )
૨૩૯.	હું મોટે ભાગે શ્રધાળું છું મહાજન કહે તેમ કરવું વિરુદ્ધ કે દલીલ કરવાથી કશુંજ પામી શકાય નહીં.	( )	( )
૨૪૦.	મારી પાસેથી વાત કઢાવી કે મારુ મન બદલવુ તે મોટે ભાગે અઘરુ કામ છે.		

જાતિ: પુરુષ / સ્ત્રી ઉંમર_____________વર્ષ